ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



**સુમનભાઈ બી ગુર્જર**
મો. ૯૯૨૫૦ ૪૪૩૯૩



**પ્રતિમાબેન શાહ**
સભ્ય, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ




**રાજેશકુમાર આસોડિયા**
મો. ૯૬૨૪૪ ૨૭૭૮૮



**સૈદય અફીફ અહેમદ**
મો. ૯૧૭૩૦ ૭૮૪૬૫



**દેવાંશી એસ દિવાન**
મો. ૯૮૨૪૫ ૧૩૯૦૩



**દશરથલાલ એ. રામી**
નિવૃત્ત ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્પેક્ટર
મો. ૯૭૨૩૨ ૭૯૩૭૩



શ્રી ભુવનેશ્વર યુવક મંડળ આયોજિત ગણેશોત્સવને આશીર્વાદ પાઠવવા દર વર્ષની જેમ આ વખતે પણ વિવિધ ધર્મોના ધર્મગુરુઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે દિપ પ્રાગટ્ય બાદ નાટક 'પિતૃ દેવો ભવ'નું મંચન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદ નાઈટ મૅરેથૉનમાં ગાંધીનગરના રનર્સ ઝળક્યા



ગાંધીનગર, તા. ૧૨
અમદાવાદ રિવરફ્રન્ટ પર યોજાયેલી નાઈટ હાફ મૅરેથૉનમાં ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી આવેલાં રનર્સની સાથે ગાંધીનગર શહેરના રનર્સે પણ ભાગ લીધો હતો.

૧૦ કિમી અને ૨૧ કીમી એમ બે વિભાગ નાઈટ મૅરેથૉનમાં હતા. ગાંધીનગર રનર્સ ગૃપના ૨૨ અને જીશ્રી સાયકલ ક્લબના ૧૦ સભ્યો એમ કુલ ૩૨ દોડવીરોએ આ મૅરેથૉનમાં ભાગ લીધો હતો. ૨૧.૦૯૭ કિમી રનમાં ફિરોઝ રાઠોડ, ઈન્દ્રસિંહ વાઘેલા, જગત કારાણી, બી કે સતિષ, ડૉ. જિજ્ઞેશ રાજવીર, અંકુલ તન્ના, ભરત પટેલ, સંજય થોરાત, મયુર થાનકી, રાજવીર વાઘેલા, ઊર્વી રાજવીર, પ્રવીણ નાયર, ડૉ. રમેશ ગટ્ટુ, સંજય કુમાર, વિરલ પટેલ, ડૉ. પ્રણવ જોષીપુરા, ભરત ઍન પટેલ, મનીષા ઝડફિયા, રાજેશ ઝડફિયા, કેયુર કાસ્લીવાલ, બ્રજેશ કુમાર, સુકેતુ દેવ, દિલીપ શર્મા અને દિગંબ પાંડેએ ફિનિશરનો મૅડલ મેળવ્યો હતો.

૧૦ કિમી દોડમાં દિપક બારોટ, કાવ્યા તિવારી, અમિતાભ રૉય, પિન્કી જ્હા, કમલેશ બારોટ, કલ્પેશ બ્રહ્મભટ્ટ, દિપક બ્રહ્મભટ્ટે દોડ લગાવી હતી.



ગણેશ મહોત્સવ નિમિત્તે મહારાષ્ટ્ર સમાજ, સૅક્ટર-૨૧ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં ગાંધીનગર સિવિલ હૉસ્પિટલની બ્લડ બૅન્કની ટીમનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ૪૨ જેટલા સેવાભાવી નાગરિકો દ્વારા આ રક્તદાન શિબિર અંતર્ગત રક્તદાન કરવામાં આવ્યું હતું.

### વારાહી શિક્ષણ સંકુલ ખાતે

# આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે નાટકની ભજવણી કરવામાં આવી



## કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટકના માધ્યમથી ગાંધીનગરના કલાકારોએ મનોરંજન સાથે આત્મહત્યા નિવારણનો સંદેશ આપ્યો

ગાંધીનગર, તા. ૧૨
વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ નિમિત્તે વારાહી શિક્ષણ સંકુલ ખાતે શનિવારે આત્મહત્યા નિવારણ વિષયક નાટકનું મંચન કરવામાં આવ્યું હતું.

સાબરમતી, અમદાવાદ ખાતે વારાહી શિક્ષણ સંકુલ સંચાલિત વારાહી બીઍડ કૉલેજ હૉલ ખાતે જી ઈ ક્લબ નિર્મિત, કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત, ઈન્ડિયન રેડક્રૉસ સોસાસટી, ગાંધીનગર તાલુકા બ્રાન્ચ પ્રસ્તુત નાટક 'જીવન અમૂલ્ય છે'નું મંચન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરના કલાકારોએ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. વારાહી બીઍડ કૉલેજ ઉપરાંત વારાહી સ્કૂલના ધોરણ-૧૦, ૧૧, ૧૨ના વિદ્યાર્થીઓએ આ નાટક નિહાળ્યું હતું અને ભરપૂર મનોરંજન સાથે 'જીવન અમૂલ્ય છે, નાનાં કારણોથી, નિરાશાથી એનો અંત ન આણવો જોઈએ' એવો સંદેશ પણ પ્રાપ્ત કર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે બીઍડ કૉલેજના પ્રિન્સિપાલ અનિલભાઈ પટેલે કલાકારોને આવકાર્યા હતા અને સમાજમાં વકરેલી આત્મહત્યાની સમસ્યા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. એ પછી નાટકનું મંચન થયું હતું. આ નાટકમાં ફાલ્ગુન નંદા, આકાશ ગોહિલ, ધ્રુવ પંચાસરા, મહેન્દ્ર હડીયા, પ્રતીક હિરપરા, ગાયત્રી પંચાલ, દેવલ રામાવત, સાબિર મલેક, મૌન સાધુ, દિલીપસિંહ ઝાલા, પ્રતીક્ષા નિમાવત અને નિકીતા પરમાર દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. અર્થ સાધુ અને પર્વ નિમાવત દ્વારા બૅક સ્ટેજ અને સંગીત સંચાલનની સેવા પૂરી પાડવામાં આવી હતી. હાસ્યરસથી સભર છતાં એક સંવેદનશીલ સંદેશ આપી જતાં આ નાટકને વિદ્યાર્થીઓએ ખૂબ સરાહ્યું હતું અને અસરકારક અભિનય બદલ કલાકારોને વધાવી લીધા હતા.

નાટ્યપ્રયોગ બાદ કુંતલ નિમાવત દ્વારા કલાકારોનો પરિચય આપવામાં આવ્યો હતો. અંતે, વારાહી ઍજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી મણિભાઈ પટેલ દ્વારા કલાકારોને બિરદાવી તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

સફળ માનવીઓ કદિ આરામથી બેસતા નથી. તેઓ કામથી આરામ પામે છે, સ્વપ્નો સાથે સુએ છે, નિર્ણયો સાથે જાગે છે અને લક્ષ્યપ્રાપ્તિ તરફ આગળ વધે છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાર બાર દેખો
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાર બાર દેખો
૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
એક કહાની જુલી કી (એ)
૧૦.૦૦, ૧૨.૩૦
રોંગ સાઈડ રાજુ (ગુજરાતી)
૬.૩૦
તુ તો ગયો (ગુજરાતી)
૩.૩૦. ૯.૩૦

**સ્ક્રીન-૫**
બાર બાર દેખો
સવારે ૧૦.૦૦
અકિરા
૧.૦૦, ૭.૦૦
ફ્રિકી અલી
૪.૦૦, ૧૦.૦૦





હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે શ્રી રાધાષ્ટમી ઉત્સવ ખૂબ જ ભાવપૂર્વક ઉજવાયો હતો જે શ્રી કૃષ્ણના સર્વોપરી પ્રિયતમાં શ્રીમતી રાધારાણીના અવતરણના શુભ દિનની યાદગીરી તરીકે ઉજવાય છે. જન્માષ્ટમી ઉત્સવ પછીના ૧૫ દિવસના અંતે ભાદરવા સુદ આઠમના દિવસે રાધાષ્ટમી ઉત્સવ આવે છે. કૃષ્ણભક્તો માટે શ્રી રાધાષ્ટમી પણ શ્રી કૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ જેટલું જ મહત્વ ધરાવે છે. વૃંદાવનની બધી ગોપીઓમાં શ્રીમતી રાધારાણીને મુખ્ય ગોપી તરીકે ખૂબ જ ભાવપૂર્વક પૂજવામાં આવે છે. શ્રીમતી રાધારાણી એ ભગવાન શ્રી કૃષ્ણ પ્રત્યેની શુધ્ધ ભક્તિનો સાર છે. કૃષ્ણ ભક્તિ દ્વારા ભક્તોએ વિશેષ પૂજા અને પ્રાર્થના કરી હતી. શ્રી રાધા માધવને ભવ્ય પ્રકારના વસ્ત્રો પહેરાવીને તથા અલંકારો અને સુગંધીદાર પુષ્પોથી શણગારવામાં આવ્યા હતા. મંદિરના ગર્ભગૃહને પણ જાતજાતના રંગબેરંગી પુષ્પોથી શણગારવામાં આવતા ચૌતરફનું વાતાવરણ આનંદમય અને સુંગધીદાર પુષ્પોથી સુશોભિત થયુ હતું. શ્રી રાધામાધવના આશીર્વાદ મેળવવા ભક્તો દ્વારા ખાસ વિવિધ સેવાઓ અર્પણ કરવામાં આવી હતી. ઉત્સવના અંતમાં મહા મંગલા આરતી અને ભવ્ય પાલકી ઉત્સવ પણ યોજવામાં આવી હતી જયારે ભકતો દ્વારા શ્રીલા રૂપા ગોસ્વામી નિર્મિત શ્રી રાધીકાષ્ટકનું ગાન કરવામાં આવ્યુ હતું.

# શારીરિક અધૂરપ સાથે પણ જીવનમાં મધુરપ



**આત્મનાદ**
પુલક ત્રિવેદી

રીયો-ડી-જાનેરો બ્રાઝીલ દેશનું પાટનગર. રિયો બ્રાઝીલનું ત્રીજા નંબરનું સૌથી વધુ વસતી ધરાવતું નગર છે. નયનરમ્ય સમુદ્ર કિનારાઓ અને બારાડે તીજુકા, લેબલોન, લ્યાનેમા જેવા મઝાના બીચ અને વિશ્વની નવી સાત અજાયબીમાં જેનું સ્થાન છે, એવું હાથ ફેલાવેલું ક્રાઈસ્ટનું સ્ટેચ્યુ દુનિયાભરના સહેલાણીઓને પ્રતિવર્ષ રિયો શહેરમાં ખેંચી લાવે છે.

આજથી બરાબર સાત દિવસ પહેલાં બ્રાઝીલના પાટનગર રિયોમાં અનોખી ઓલિમ્પિક ગેઈમ્સ શરૂ થઈ. 'અનોખી' શબ્દ પ્રયોગ એટલા માટે કર્યો કે, 'નોખી' માટીના માનવીઓનો અહીં મહાયજ્ઞ ચાલી રહ્યો છે. ઈશ્વરે કોઈ અંગની શરીરમાં ત્રુટી આપી, તેને અતિક્રમીને મોજથી જવાંમર્દી બતાવનાર ખેલાડીઓનો કુંભ મેળો બ્રાઝીલના પાટનગર રીયોમાં જામ્યો છે. બરાબર બાર દિવસ આ રમતવીરો-વિરાંગનાઓના હાકલા અને પડકારા રિયો શહેરમાં સંભળાશે. દુનિયાભરના ૪૩૫૦ દિવ્યાંગ મહારથી-ખેલાડીઓ ૨૩ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. ભારતમાંથી પણ ૧૯ ખેલાડીઓ ૧૦ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યા છે.

વર્ષ ૧૯૩૯ના ઓકટોબર મહિનાના એ વિકરાળ કાળા દિવસો, જ્યારે એડોલ્ફ હિટલરે નિર્ણય કર્યો કે, શારીરિક રીતે વિકલાંગ અને ખોડ ખાંપણવાળા જર્મન નાગરિકોને જીવવાનો અધિકાર નથી. એમને અનાજ-પાણી આપવાનું બંધ કરો. હિટલરના આદેશથી એમને તડપાવી-તડપાવીને મારવાનું શરૂ કરવામાં આવ્યું. આ દોઝખમાં લગભગ એક લાખ જેટલા વિકલાંગોએ જાન ગુમાવ્યા અને જે બચ્યા એમાના ઘણાખરા 'ડિપ્રેશન'નો ભોગ બની ગયા.

આ સમયગાળામાં બ્રિટનમાં રહેતા ન્યુરોલોજિસ્ટ ગુટ્ટમાન લુડવિગે એક પ્રેરણાદાયી અને માનવીની સાચી ઓળખા સમા માનવતાનો મસમોટો સાદ પાડ્યો. વિશ્વયુદ્ધમાં ઈજાગ્રસ્ત જવાનોની ગુટ્ટમાન સેવા કરતા હતા. હિટલરનો સિતમ ગુટ્ટમાનના માનસપટ ઉપર પણ જબરો છવાયેલો હતો. મૂળ જર્મનીના વતની પણ લંડનમાં રહેતા ગુટ્ટમાન દ્રઢપણે માનતા કે વિકલાંગોની શારીરિક વેદના કરતાં માનસિક યાતનાઓ વધુ ખતરનાક છે. વિકલાંગોને તેમની માનસિક યાતનામાંથી બહાર લાવી તેમનું સ્વમાન પરત મળે, જીવન જીવવાનો તેમને નવો ઉત્સાહ પ્રાપ્ત થાય એ અગત્યનું છે. ગુટ્ટમાન લુડવિગ માનતા કે, રમત-ગમત (સ્પોર્ટ્સ) વિકલાંગોને તેમની માનસિક યાતનામાંથી બહાર લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. એમણે ૧૯૪૮માં લંડનમાં સમર ઓલિમ્પિકસની શરૂઆત કરી. જેને આપણે 'પેરાલિમ્પિક્સ' તરીકે ઓળખીએ છીએ. ધીરે ધીરે આ રમતોત્સવની ખ્યાતિ વધતી ચાલી. ૧૯૬૦માં આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિકસ સમિતિએ તેને વિધિસર રીતે 'પેરાલિમ્પિક્સ' તરીકેનો દરજ્જો આપ્યો.

રિયોમાં પેરાલિમ્પિક્સ ચાલી રહ્યો છે ત્યારે બે પ્રસંગો માનસપટ ઉપર તરવરે છે. પહેલી વાત અમદાવાદના એક વિકલાંગ જવાંમર્દની. અમદાવાદનો આ એક એવો કલાકાર કે, જેણે બાળપણમાં જ પોતાના બે હાથ ગુમાવ્યા. નામ એનું ધવલ ખત્રી. ૨૦૦૩માં ધવલ ૧૪ વર્ષનો હતો ત્યારે એક અકસ્માત સર્જાયો. વીજળીના તારમાં ફસાયેલો પોતાનો પતંગ લેવા જતાં ધવલ વીજળીના તારના કરંટની ઝપટમાં આવી ગયો, બંને હાથે ખરાબ રીતે દાઝી ગયો. પરિણામે એના બંને હાથ કાપવા પડ્યા.

ધવલના માતા-પિતાએ એને નિરાશાની ખાઈમાં ધકેલાવા ન દીધો. ધવલને તેની માતાએ હોસ્પિટલમાં જ પેન અને પેન્સિલ પકડવાની પ્રેક્ટિસ કરાવવાની શરૂઆત કરાવી. આઠ-દસ મહિનાની જબરજસ્ત પ્રેક્ટિસ પછી ધવલ હાથ વગર પેઈન્ટિંગ બનાવતા શીખી ગયો. આજે તો ધવલે પેઈન્ટિંગમાં મહારત પ્રાપ્ત કરી લીધી છે. ધવલની અદ્ભૂત કલાકારી જોઈને કોઈ એમ વિચારી પણ ન શકે કે, આ ચિત્રકારના બન્ને હાથ નહીં હોય. ધવલ સુંદર ચિત્રો તો બનાવે છે અને સાથે સાથે ગિટાર પણ વગાડી જાણે છે. વળી પ્રતિ સપ્તાહ ક્રિકેટ અને ફૂટબોલ પણ રમે છે. ૩૦૦થી વધુ પેઈન્ટિંગ બનાવી ધવલે સાબિત કર્યું છે કે, જીવનમાં કોઈ વાત અશક્ય નથી. 'નસીબ એમના પણ હોય છે, જેમના હાથ નથી હોતા.'

અમેરિકાના સીઆટલ શહેરની આવી જ પ્રેરક કહાણી યુ-ટ્યુબ અને વોટ્સ-એપ ઉપર વાયરલ બની છે. થોડાં વર્ષો પહેલા સીઆટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ગેઈમ્સ યોજાઈ હતી. જેને આપણે 'પેરાલિમ્પિક્સ' સાથે સરખાવી શકીએ. આ રમતોત્સવમાં બધા જ 'મેન્ટલી ચેલેન્જડ' બાળકો ભાગ લેવા આવ્યા હતા. એટલે જ એ વિશેષ પ્રકારનો રમતોત્સવ તરીકે ઓળખાયો.

રેફરીએ 'સીટી' મારી અને આ બાળકોની દોડ શરૂ થઈ. બાળકોને મઝા પડી. બધા કિલકારીઓ પાડતા દોડવા લાગ્યા. એવામાં એક બાળક લથડીને પડી ગયો, બે-ચાર ગોઠમડાં ખાઈ ગયો. એ રડવા લાગ્યો. સ્પર્ધામાં દોડતાં બીજા બાળકોએ પાછળ જોયું. ધીમા પડ્યાં... અને એ બધા બાળકો ઊભા રહી ગયાં પાછા ફર્યા... પડી ગયેલા રડતા એ રમતવીર પાસે જઈને એને ચુમી લીધો, એનો હાથ પકડીને બધા એક સાથે ચાલવા લાગ્યા... ૧૦૦ મીટર ચાલીને 'ફીનીશીંગ લાઈન' ઉપર બધાં બાળકો એક સાથે પહોંચ્યા.

સ્ટેડિયમમાં હાજર રહેલા પ્રેક્ષકોએ આ ખેલદીલ-જવાંમર્દ રમતવીરોને 'સ્ટેન્ડિંગ ઓવેશન' આપ્યું. ૧૫ મિનિટ સુધી સ્ટેડિયમ તાળીઓના ગડગડાટથી ગૂંજતુ રહ્યું.

આ બે પ્રેરક પ્રસંગો જાણે ચીસો પાડીને કહે છે કે, શારીરિક અધુરપને કારણે જીવનની મધુપર ક્યારેય ઘટતી નથી. જરૂર છે, પેલા સીઆટલવાળા ખેલદીલ બાળકો અને ધવલની જવાંમર્દીની માફક, જીવનને વધુ મજેદાર રીતે જીવવાની આવડત ઉપર. પરમકૃપાળુ પરમાત્માએ શરીરના કોઈ અંગની ત્રુટીથી જીવનનો એક માર્ગ કદાચ બંધ કર્યો હશે તો બીજા અનેક દરવાજાઓ અને બારીઓ ખોલીને એનો પ્રેમાળ સ્પર્શ આપ્યો જ હોય છે. આ લખાઈ રહ્યું છે તે દરમિયાન રિયોના 'પેરાલિમ્પિક'ની પગથારેથી સમાચાર આવ્યા કે, 'મેન્સ હાઈજમ્પ ટી-૪૨ ઈવેન્ટ'માં ભારતના બે દિવ્યાંગ જવામર્દો મરિયપ્પન થાંગવેલુને ગોલ્ડ અને વરૂણ ભાટીને બ્રોન્ઝ મેડલ જીતીને ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે. મરિયપ્પને પાંચ વર્ષની વયે એક અકસ્માતમાં પગ ખોયો હતો અને વરૂણ પોલીયોને કારણે દિવ્યાંગ બન્યો. આ બન્ને અને એમના જેવા હજ્જરો લાખો દિવ્યાંગ ભાઈ-બહેનોનું જીવન દયાપાત્ર નહીં પણ પ્રેરણાદાયી છે. એમનાં મનમાં હજ્જારો હોર્સપાવરની ઉર્જા, હૃદયમાં જીવન જીવવાની જબરી ખુમારી, આંખોમાં આસમાનમાં ઉડવાની તમન્નાનાં દર્શન થાય. એમને જોઈને લાગે કે પેલા ચિંતકે કહેલી વાત સો પ્રતિશત સાચી છે, "પાંખોથી નહીં દ્રઢ મનોબળથી જ ઊડી શકાય છે..."



**ધબકાર**

"મત કર યકીન અપને હાથોં કી લકીરોં પર, નસીબ ઉનકે ભી હોતે હૈ જીનકે હાથ નહીં હોતે."

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું વતન - વહાલું વતન'**